(30)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. દયામય ધર્મ **એ ત્રણ તત્ત્વ સાર સંસાર** અસાર.

૨. ઈણમેવ **નિગ્ગંથં પાવયણં સચ્ચં અણુત્તરં** કેવલિયં.

૩. વત્થ વિહિં **વિલેવણ વિહિં પુપ્ફ વિહિં આભરણ વિહિં ધૂપ વિહિં** પેજ્જ.

૪. આસને બેસીને **કરયલ સંપરિગ્ગહિયં સિરસાવત્તં મત્થએ અંજલિ કટ્ટુ** એવં વયાસી.

૫. ૧૪ લાખ **સાધારણ વનસ્પતિકાય ૨ લાખ બેઈન્દ્રિય ૨ લાખ તેઈન્દ્રિય ૨ લાખ ચૌરેન્દ્રિય ૪ લાખ** નારકી.

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. આપણો જૈન ધર્મ કોણે બતાવેલો છે?

**જ. રાગ–દ્વેષ રહિત, કેવળજ્ઞાની જિનેશ્વર ભગવંતોએ જૈન ધર્મ બતાવેલો છે.**

૨. વર્તમાને દશમું વ્રત સંક્ષેપમાં કઈ રીતે કરવામાં આવે છે?

**જ. વર્તમાને દશમું વ્રત ૧૪ નિયમોથી કરવામાં આવે છે?**

૩. સાંજે શા માટે પ્રતિક્રમણ કરવું જોઇએ?

**જ. દિવસે પાપ લાગે છે માટે સાંજે પ્રતિક્રમણ કરવું જોઇએ.**

૪. સાધુ–સાધ્વીને કેવા આહાર–પાણી વહોરાવી શકાય?

**જ. સાધુ–સાધ્વીને સૂઝતા નિર્દોષ અને અચેત આહાર–પાણી વહોરાવી શકાય.**

૫. શ્રેષ્ઠ તપ કયું છે? તેને કોણ નમસ્કાર કરે છે?

**જ. શ્રેષ્ઠ તપ બ્રહ્મચર્ય છે. તેને દેવતા નમસ્કાર કરે છે.**

૬. પ્રથમ શિક્ષા વ્રત કયું છે? તેના અતિચાર કેટલા?

**જ. નવમું સામાયિક વ્રત. તેના અતિચાર પાંચ છે.**

૭. ગુરુના ગુણગ્રામ કરતા શબ્દોના નામ લખો.

**જ. કલ્લાણં, મંગલં, દેવયં, ચેઈયં.**

૮. પાંચમા વ્રતમાં અનાચાર કેવી રીતે લાગે છે?

**જ. લોભ આદિને કારણે જાણી જોઇને ધારેલી મર્યાદાનું પાલન ન કરવું તે અનાચાર છે.**

૯. જૈનોની કુળદેવી કઈ? બીજા વ્રતની કોટિ કેટલી? કેવી રીતે?

**જ. અહિંસા, છ કોટિ–૨ કરણ અને ૩ યોગ.**

૧૦. સાધુને જઘન્ય કેટલું જ્ઞાન હોય છે? શ્રાવક કાળ કરીને ક્યાં જાય છે?

**જ. સાધુને જઘન્ય અષ્ટ પ્રવચનનું જ્ઞાન હોય છે. શ્રાવક વૈમાનિકના ૧૨ દેવલોક, ૯ લોકાંતિક સુધી જાય છે.**

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. સાચા જૈન માર્ગ વિરુદ્ધ | **ઉમ્મગ્ગો** |
| ૨. સમકિતની શ્રદ્ધા | **સમ્મત્ત સદ્દહણા** |
| ૩. શરીરથી | **કાઈઓ** |
| ૪. ફૂલની માળા, ચંદન વગેરે | **માલાવન્નગ** |
| ૫. મર્દન કરવા યોગ્ય તેલની જાત અને પ્રમાણની મર્યાદા | **અબ્ભંગણ વિહિં** |

**(ઈ) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

| | જવાબ |
|---|---|
| ૧. ફલગ | **પાટિયું, પાટ આદિ** |
| ૨. વાહણ વિહિં | **બેસવા માટે વાહનની જાત અને સંખ્યાની મર્યાદા** |

| | |
|---|---|
| ૩. એગવિહેણં | **એક જોગે** |
| ૪. આગારેહિં | **આગારોથી** |
| ૫. ગાંઠડી છોડી | **ખીસાં કાતરી** |
| ૬. ઠાએમિ | **એક સ્થાને બેસીને કરું છું** |

**(ઉ) અહીં આપેલા શબ્દો કયા પાઠમાં આવે છે તે લખો.** ૧. જાડી  ૨.છોડી  ૩. જાણી  ૪. ભાડી **(૨)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. જાડી | **બીજા ખામણામાં** | ૨. છોડી | **ત્રીજા વ્રતમાં** |
| ૩. મંડી | **બીજા શ્રમણસૂત્રમાં** | ૪. ભાડી | **સાતમા વ્રતમાં** |

**(૫૦)**

**પ્ર.૨ (અ) છ આરાના આધારે લખો. (૨૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. પહેલા ચાર કલ્પવૃક્ષના અર્થ લખો.

**જ. ૧) મધુર રસવાળા ફળના કલ્પવૃક્ષ ૨) રત્નજડાવ ભાજન (વાસણ) ના કલ્પવૃક્ષ ૩) ૪૯ જાતિના વાજિંત્રના કલ્પવૃક્ષ ૪) રત્નજડાવ દીવાના કલ્પવૃક્ષ.**

૨. અવસર્પિણીના બીજા આરે પાંસળી, ચોથા આરે ગતિ, ઉત્સર્પિણીના પહેલા આરે આયુષ્ય, છટ્ઠા આરાનું નામ લખો.

**જ. અવસર્પિણીના બીજા આરે બેસતા પાંસળી ૧૨૮ અને ઉતરતા આરે ૬૪.**
**ચોથા આરે ગતિ પાંચ–નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ, સિદ્ધ.**
**ઉત્સર્પિણીના પહેલા આરે બેસતા આયુષ્ય ૧૬ વર્ષ અને ઉતરતા આરે ૨૦ વર્ષ.**
**છટ્ઠા આરાનું નામ સુષમ સુષમ.**

૩. ઉત્સર્પિણી કાળમાં અને એક કાળચક્રમાં ધર્મકાળ કેટલો?

**જ. ઉત્સર્પિણી કાળમાં એક ક્રોડાક્રોડ સાગરોપમમાં ૪૨૦૦૦ વર્ષ ઉણા + ૮૪ લાખ પૂર્વ ૩ વર્ષ ૮।। મહિના.**
**એક કાળચક્રમાં ધર્મકાળ માત્ર ૨ ક્રોડાક્રોડા સાગરોપમ + ૮૫ લાખ પૂર્વમાં ૬૨૯૯૨ વર્ષને ૭ મહિના ઉણા.**

૪. દુર્ભિક્ષ, દુકાળ, કુલકર, તથૈતિ, બિલ અને કૂટ એટલે શું?

**જ. દુર્ભિક્ષ – વરસાદ પડે, થોડો પાક પણ ઊગે પરંતુ તે ક્ષેત્રમાં અનાર્યતાને કારણે ભિક્ષા મળવી દુર્લભ હોય, દુકાળ – વરસાદ ન પડે, પાક ન ઊગે એવો કાળ, કુલકર – વ્યવસ્થાસ્થાપક/માંડલિક રાજા, તથૈતિ – કહો છો તેમ કરીશ, બિલ – ગુફા, કૂટ – શિખરનો આકાર.**

૫. ભરત રાજાને કેટલા સંદેશા મળ્યા? કયા કયા? પાંચમા આરામાં કેવળજ્ઞાન કેટલા વર્ષ રહ્યું? મહાવીર સ્વામી ક્યારે મોક્ષમાં ગયા?

**જ. ભરત રાજાને બે શુભ સંદેશા મળ્યા : ૧) પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ૨) ભરતના શસ્ત્રાગારમાં સુદર્શન ચક્ર (ચક્ર રત્ન) ઉત્પન્ન થયું. પાંચમા આરામાં કેવળજ્ઞાન ૬૦ વર્ષ અને ૩।। મહિના રહ્યું.**
**મહાવીર સ્વામી આસો વદ અમાસ ( આગમિક કારતક વદ અમાસ) ના દિવસે મોક્ષમાં ગયા.**

**(૨) ખાલી જગ્યા પૂરો. (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. ...... માં અસંખ્યાતા દ્વીપ અને અસંખ્યાતા સમુદ્રો છે. તેના મધ્યભાગમાં ...... છે. | **તિર્ચ્છાલોક, અઢીદ્વીપ** |
| ૨. જુગલિયાના ક્ષેત્રમાં ભૂમિની ...... ...... ને કારણે શરીર ગળી જાય છે. | **સ્નિગ્ધતા, સરસતા** |
| ૩. ઉત્સર્પિણી કાળના ત્રીજા આરે ...... પાંસળી અને ...... આહારની ઈચ્છા થાય. | **૩૨ અને ૧૬, રોજ** |
| ૪. અવસર્પિણી કાળના પાંચમા આરામાં ....... અને ....... ની દાઢ ઘણી થશે. | **ઉંદર, સર્પ** |
| ૫. એક અવસર્પિણી કાળમાં ...... ...... પુરુષો જન્મ ધારણ કરે છે. | **૬૩, શ્લાઘનીય** |

**(૩) જોડકા જોડો. (૫)**

| | | જવાબ |
|---|---|---|
| ૧. હુંડ સંસ્થાન | મહાવીર સ્વામી | **પાંચમો આરો** |
| ૨. સ્વાતિ નક્ષત્ર | પાંચમો આરો | **મહાવીર સ્વામી** |
| ૩. જુગલિયા | છટ્ઠો આરો | **અકર્મભૂમિ** |
| ૪. અભિજિત નક્ષત્ર | અકર્મભૂમિ | **ઋષભદેવ સ્વામી** |
| ૫. ચાર પાંસળી | ઋષભદેવ સ્વામી | **છટ્ઠો આરો** |

**(આ) કર્મપ્રકૃતિના આધારે લખો. (૨૫)**

**(૧) વ્યાખ્યા લખો. (૬)**

૧. ઉદ્વર્તન – **જીવના પરિણામને કારણે પૂર્વે બાંધેલા કર્મની સ્થિતિ અને અનુભાગ (રસ) ને વધારવા તે.**

૨. પરાઘાત નામ – **જેના ઉદયથી જીવ બીજા માટે અજેય બની જાય, બીજાને પ્રભાવિત કરે.**

૩. તપ વિહીન – **તપ કરવાની વિશિષ્ટ શક્તિ ન મળે.**

૪. દંસણ અંતરાયેણં – **તે દર્શન અને દર્શનીના જોવાના ચશ્મા વગેરે સાધનોમાં અંતરાય પાડે.**

૫. ઝૂરણયાએ – **તરફડાવે, ઝૂરણા કે વિયોગ કરાવે.**

૬. ભય – **જેના ઉદયથી ડર ઉત્પન્ન થાય.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૪)**

૧. જ્ઞાનાવરણીય અને મોહનીય કર્મે કયો ગુણ રોક્યો છે? દર્શનાવરણીય અને અંતરાય કર્મ કોના સમાન છે?

**જ. જ્ઞાનાવરણીય કર્મે અનંત જ્ઞાન ગુણ અને મોહનીય કર્મે વીતરાગતાનો ગુણ રોક્યો છે.**
**દર્શનાવરણીય કર્મ રાજાના દ્વારપાળ સમાન અને અંતરાય કર્મ રાજાના ભંડારી સમાન છે.**

૨. અશાતા વેદનીય કર્મની સ્થિતિ અને બે બોલ આવતા હોય તેવી પિંડ પ્રકૃતિના નામ લખો.

**જ. અશાતા વેદનીય કર્મની સ્થિતિ જઘન્ય એક સાગરોપમના સાત ભાગ કરીએ તે માંહેના ત્રણ ભાગ ને એક એક પલ્યનો અસંખ્યાતમો ભાગ ઊણી ઉત્કૃષ્ટ ત્રીસ ક્રોડાક્રોડ સાગરોપમ.**
**ગંધના બે ભેદ – સુરભિ ગંધ, દુરભિ ગંધ**
**વિહાયોગતિના બે ભેદ – પ્રશસ્ત વિહાયગતિ અને અપ્રશસ્ત વિહાયગતિ.**

૩. આયુષ્ય કર્મનો અબાધાકાળ અને ભોગવવાના પ્રકાર લખો.

**જ. આયુષ્ય કર્મને અબાધાકાળ નથી અને ચાર પ્રકારે ભોગવે – ૧) નારકી, નારકીનું આયુષ્ય ભોગવે ૨) ૨) તિર્યંચ, તિર્યંચનું આયુષ્ય ભોગવે ૩) મનુષ્ય, મનુષ્યનું આયુષ્ય ભોગવે ૪) દેવ, દેવનું આયુષ્ય ભોગવે.**

૪. અનાદિ કર્મનો અંત આવે કે નહિ? કેવી રીતે? ગોત્ર કર્મના ભેદ લખી કેટલા પ્રકારે બાંધે?

**જ. અનાદિ કર્મનો અંત આવીએ શકે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના દ્વારા આત્માએ શુદ્ધ કરીને સિદ્ધ બની શકાય છે.**
**ગોત્ર કર્મના બે ભેદ – ઊંચ ગોત્ર આઠ પ્રકારે બાંધે અને નીચ ગોત્ર આઠ પ્રકારે બાંધે.**

૫. સારો સ્વર કયા કર્મના ઉદયે મળે? તે કર્મમાં આવતા સ્વરના નામ અને વ્યાખ્યા લખો.

**જ. સારો સ્વર શુભ નામ કર્મના ઉદયે મળે. ઈષ્ટ સ્વર : મનને ગમે તેવો સ્વર, કંઠ મધુર હોય. કાંત સ્વર : વારંવાર સાંભળવાનું મન થાય તેવો કમનીય સ્વર. પ્રિય સ્વર : સામેની વ્યક્તિને પ્રિય લાગે તેવો સ્વર. મનોજ્ઞ સ્વર : સામેની વ્યક્તિના મનને ગમે તેવો સ્વર.**

૬. જીવ ક્યારે અને શેનો આશ્રય લઈને પુરુષાર્થ કરે છે? કર્મના કારણે શેની સિદ્ધિ થાય છે?

**જ. જ્યારે જીવમાં વિવેક પ્રગટે છે ત્યારે જન્મ–મરણરૂપી સંસારથી મુક્ત થવા માટે સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્ર, સમ્યગ્ તપરૂપ મોક્ષમાર્ગનો આશ્રય લઈને પુરુષાર્થ કરે છે.**
**કર્મના કારણે પુનર્જન્મ–ભવ પરંપરાની સિદ્ધિ થાય છે.**

૭. કર્મોની વિવિધ અવસ્થા કેટલી છે? છેલ્લી પાંચ અવસ્થાના નામ લખો.

**જ. કર્મોની વિવિધ અવસ્થા ૧૨ છે. ૮) ઉપશમ, ૯) નિદ્ધત, ૧૦) નિકાચિત, ૧૧) ક્ષયોપશમ, ૧૨) ક્ષય.**

**(૩) કયા કર્મની કઈ પ્રકૃતિ છે?** **(૫)**

૧. સૂરણનો ત્યાગ કરવો – **ભૂત અનુકંપા – શાતા વેદનીય.**

૨. લગ્ન પ્રસંગે દહેજની માંગ કરવી – **તીવ્ર લોભ – મોહનીય કર્મ.**

૩. કથની–કરણી એકસમાન હોય – **શુભ નામ કર્મ – અવિસંવાદ યોગ.**

૪. કોઇ બીજાએ બનાવેલા ગીત પોતાના નામે છપાવવા – **જ્ઞાનાવરણીય કર્મ – નાણ નિન્હવણિયાએ.**

૫. મારે જે કરવું હશે તે હું કરીશ, કોની હિંમત છે કે જે મને રોકી શકશે – **ગોત્ર કર્મ – બળ મદ.**

**(ઇ) સાધુ–સાધ્વીને ગોચરી વહોરાવવાને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. કોના માટે રાખેલા આહાર–પાણી સાધુ–સાધ્વીજીને વહોરાવી શકાય નહિ? (૨×૨)

**જ. ગાય–કૂતરા આદિ તિર્યંચ માટે રાખેલા હોય, દેવ–દેવી–નૈવેદ્ય–બલિ માટેની વસ્તુ હોય, ગરીબોના દાન માટે, પુણ્ય/શ્રાદ્ધ આદિ માટે, બાવા–સાધુ માટે બનાવેલ કે રાખેલ વસ્તુ વહોરાવી શકાય નહિ.**

૨. રસોઈ તૈયાર ન હોય તો શું કરવું જોઇએ? કેવી જગ્યાએ રાખેલી વસ્તુ વહોરાવાય નહિ?

**જ. રસોઈ તૈયાર ન હોય તો સુપાત્રદાનનો લાભ ગુમાવવો નહિ. ઘી, ગોળ, સાકર આદિ કોઇ વસ્તુ વહોરાવીને સુપાત્રદાનનો લાભ લેવો.**

**જે કષ્ટથી ઉતારવી પડે તેમ હોય તેવી માળિયા પર રાખેલી વસ્તુ વહોરાવવી નહિ.**

૩. નિર્દોષ આહાર–પાણી વહોરાવનારને શું લાભ થાય છે? (૧)

**જ. નિર્દોષ આહાર–પાણી વહોરાવનારને સંયમીની અનુમોદના અને કર્મનિર્જરાનો લાભ થાય છે.**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે ....**

**(૧) નીચેના પ્રશ્નોના બે થી ત્રણ લીટીમાં જવાબ લખો.** **(૮)**

૧. ભગવાન શેનો આહાર કરતા હતા અને કયું પાણી પીતા હતા? તેમની પત્નીનું નામ શું હતું? (૨×૪)

**જ. અંગૂઠો ચૂસવાની અવસ્થા વીત્યા બાદ ઋષભદેવ દેવકુરુ અને ઉત્તરકુરુ નામની અકર્મભૂમિમાંથી દેવો દ્વારા લાવવામાં આવેલા કલ્પવૃક્ષોના ફળોનું જ ભોજન કરતા હતા અને ક્ષીરસમુદ્રનું પાણી પીતા હતા. તેમની પત્નીનું નામ સુમંગલા અને સુનંદા હતું.**

૨. દ્રહ કઈ નગરીમાં હતું? તે કેવું હતું?

**જ. દ્રહ વારાણસી નગરીમાં હતું. જે હંમેશાં શીતળ જળથી પરિપૂર્ણ, અનેક પ્રકારના કમળોથી શોભતું હતું. તે દ્રહ દર્શનીય, અભિરૂપ એટલે કે અત્યંત સુંદર, આનંદપ્રદ અને સૌના આકર્ષણનું કેન્દ્ર બની ગયું હતું.**

૩. ભગવાનની દેશના સાંભળીને કામદેવ શ્રાવકે શું કહ્યું?

**જ. હે ભગવન્ ! હું નિર્ગંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું, વિશ્વાસ કરું છું, રુચિ કરું છું, આદર કરું છું, પરંતુ હું ગૃહનો ત્યાગ કરી દીક્ષા લેવા અસમર્થ છું. આથી પ્રભુ આપની પાસે ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત એમ ૧૨ વ્રતધારી શ્રાવકધર્મને ગ્રહણ કરવા ઈચ્છું છું.**

૪. જ્યારે ઋષભદેવ ભગવાન હસ્તિનાપુર પધાર્યા ત્યારે કોને સ્વપ્ન આવ્યું? તેઓ ભગવાનના શું થતા હતા?

**જ. શ્રેયાંસકુમાર તેઓ બાહુબલીના પૌત્ર અને સોમપ્રભ રાજાના પુત્ર હતા એટલે ઋષભદેવ ભગવાનના પ્રપૌત્ર હતા.**

**સુબુદ્ધિ શેઠ તેઓ નગરમાં રહેતા હતા.**

**સોમપ્રભ રાજા બાહુબલીના પુત્ર અને ઋષભદેવ ભગવાનના પૌત્ર હતા.**

૫. ગુપ્તિથી શું મળે છે? (૧×૨)

**જ. ગુપ્તિથી સમાધિ અને સદ્ગતિ મળે છે.**

૬. કામદેવ શ્રાવક કેવું જીવન પસાર કરવા લાગ્યા?

**જ. સાધુ ભગવંતોને ૧૪ પ્રકારનું નિર્દોષ દાન આપી ધર્મમય જીવન પસાર કરવા લાગ્યા.**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. વળી ખંધક **સંન્યાસી, રાખ્યો ગૌતમ સ્નેહ, મહાવીર સમીપે પંચ મહાવ્રત લેહ...**
**તપ કઠણ કરીને, ઝોંસી આપણી દેહ, ગયા અચ્યુત દેવલોકે, ચવી લેશે ભવ છેહ.**

૨. શ્રી ભરતેશ્વે**રના, હુઆ પટોધર આઠ, આદિત્ય જશાદિક, પહોંચ્યા શિવપુર વાટ...**
**શ્રી જિન અંતરના, હુવા પાટ અસંખ્ય, મુનિ મુક્તે પહોંચ્યા, ટાળી કર્મના** વંક.

૩. વળી **પુંડરિક રાજા, કંડરિક ડગિયો જાણ, પોતે ચારિત્ર લઈને, ન ઘાલી ધર્મમાં હાણ...**
**સર્વાર્થસિદ્ધ પહોંચ્યા, ચવી લેશે નિર્વાણ, શ્રી જ્ઞાતાસૂત્રમાં, જિનવરે કર્યા** વખાણ.

૪. વળી **કૃષ્ણરાયની, અગ્રમહિષી આઠ, પુત્ર વહુ દોયે, સંચ્યા પુણ્યના ઠાઠ...**
**જાદવકુળ સતીયાં, ટાળ્યો દુઃખ ઉચાટ, પહોંચ્યા શિવપુરમાં, એ છે સૂત્રનો** પાઠ.

૫. વીરપેં **વ્રત લઈને, બાંધી તપની તેગ, ગયા વિજય વિમાને, ચવી લેશે શિવ વેગ...**
**ધન્ય થાવર્ચ્ચા પુત્ર, તજી બત્રીસે નાર, તેની સાથે નીકળ્યા, પુરુષ એક** હજાર.

**જય – જિનેન્દ્ર**